## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**જો, કાળા કાળા વાદળ અને વિજળીનાં ચમકારા... લાગે છે આપણી વાઈફ વેકેશન પુરું કરી ઘરે આવવા નીકળી ગઈ લાગે છે...**

# વલાદ બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કુલના ટ્રસ્ટી પર ૪ શખ્સોનો હિંચકારો હુમલો

**ભાણીયા પાસે લેવાના નીકળતા રૂપીયાની ઉઘરાણી મામા પાસે કરી હતી, શાળા ચલાવવા રૂ.૨૦ લાખની ખંડણી માંગી હતી, ટ્રસ્ટીની ૪ શખ્સો સામે ફરીયાદ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના વલાદ સ્થિત આવેલી બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કુલના ટ્રસ્ટી પર સ્કુલના ગેટ પાસે જ લાકડી, તલવાર અને ગુપ્તી સાથે હિંચકારો હુમલો થયો છે. ટ્રસ્ટીના ભાણીયા પાસેથી લેવાના નીકળતા રૂપીયાની ઉઘરાણી ટ્રસ્ટી મામા પાસે કરી હતી. તે ઉપરાંત શાળા ચલાવવી હોય તો રૂ.૨૦ લાખની ખંડણીની પણ માંગ કરી હતી. શાળાના સિક્યુરીટી ગાર્ડ અને ડ્રાઈવર વચ્ચે પડતા હુમલાખોર ભાગી છુટ્યા હતા. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

ડભોડા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ નરોડા ચિત્રકુટ બંગ્લોઝ ખાતે રહેતા વિજયભાઈ દશરથભાઈ ત્રિવેદી (ઉં.વ.૫૬) વલાદ ગામની સીમમાં આવેલી બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કુલના ટ્રસ્ટી છે.ગત તા.૯ જુનના રોજ તેમના પર મહેશ ઉર્ફે બોળો દેવાભાઈ ભરવાડ નામના શખ્સનો ફોન આવ્યો હતો. તેણે કહ્યું હતું કે તમારા ભાણીયા ધ્રુવ જાની પાસે હું રૂ.૧૫ લાખ માગું છું જે તમે આપી દો. ફોન પર મહેશે રૂપીયા નહી આપો અથવા કબુલાત નહી કરો તો તમારા પરિવારને છોડીશ નહી તેવી ધમકી આપી હતી. જેથી ગભરાઈ ગયેલા વિજયભાઈએ મોડીરાત્રીના એક વાગ્યાના અરસામાં પોલીસમાં લેખિત અરજી આપી હતી. બીજા દિવસે ફરીવાર મહેશનો ફોન આવ્યો હતો, તેમણે શાળાએ મળવા માટે આવવાનું કીધુ હતું. સાંજે સાડા છ વાગ્યાના અરસામાં શાળાના ગેટ આગળ સફેદ કલરની ફોર્ચ્યુનર ગાડીમાં મહેશ તેમજ અન્ય ત્રણ શખ્સો આવ્યા હતા. જેમાં મહેશના હાથમાં લાકડી, અન્ય શખ્સોમાં એકના હાથમાં તલવાર અને બીજાના હાથમાં ગુપ્તી હતી. તેઓએ રૂ.૧૫ લાખની ઉઘરાણી અંગે ગાળાગાળી સાથે શરુઆત કરી હતી.

મહેશ ભરવાડે ભાણેજના રૂ.૧૫ લાખ તેમજ શાળા ચલાવવા માટે રૂ.૨૦ લાખની ખંડણીની માંગ કરી હતી. તે સમયે ઉગ્ર બોલાચાલી થતા મહેશે વિજયભાઈને લાકડી મારતા આંગળી પર ફ્રેકચર થયું હતું. મારામારીના પગલે શાળાના સિક્યુરીટી ગાર્ડ અને વિજયભાઈનો ડ્રાઈવર દોડી આવીને વચ્ચે પડતા હુમલાખોરો જતા રહ્યા હતા. બનાવને પગલે શાળાના ટ્રસ્ટી વિજયભાઈએ ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી હુમલાખોરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# કોલવડામાં ઝાડા-ઉલ્ટીના વધુ ૨૦ કેસ મળતાં તંત્ર દોડતું રહ્યું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર નજીક આવેલ કોલવડા ગામમાં આજે ઝાડા-ઉલ્ટીના વધુ ૨૦ કેસ મળી આવતાં તંત્ર ચોકી ઉઠ્યુ છે. તંત્રએ આજે પાણીના નમુના તેમજ એક-બે દર્દીના ઝાડાના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલી આપેલ છે. ગઈકાલે સોશ્યલ મિડીયામાં આવેલ સમાચારોના પગલે હરકતમાં આવેલ તંત્રએ રાત્રે જ સર્વેલન્સ ચાલુ કર્યુ હતુ. જોકે આ પછી આજ સવારથી સર્વેલન્સ સઘન રીતે હાથ ધરવામાં આવ્યુ હતુ.

આજે મળેલા કેસો પણ બે થી ત્રણ શેરીમાં જ છુટાછવાયા છે પરંતુ કેસોની સંખ્યા વધારે જણાઈ છે. ગરમી અથવા તો વાઈરલને કારણે આ ઝાડા-ઉલ્ટીના બનાવો બની રહ્યા હોવાનું અનુમાન હાલ છે. જોકે પરીક્ષણમાં મોકલાયેલ નમૂનાઓના પરિણામ આવ્યા પછી જ ચોક્કસ કારણ જાણી શકાશે. બિન સત્તાવાર સૂત્રો છેલ્લા બે દિવસમાં ૪૦થી વધુ કેસ ઝાડા-ઉલ્ટીના થયા હોવાનું કહી રહ્યા છે.

તંત્રએ કોલવડા સબ સેન્ટર ખાતે ૨૪૮૭ ઓ.પીડી. ચાલુ કરવાની સાથે ગામમાં સર્વેલન્સ અને ઓ.આર.એસ.ના પેકટ્સનું વિતરણ તેમજ ક્લોરીનની ટીકડીઓનું પણ વિતરણ ચાલુ કર્યુ છે. ગાંધીનગર શહેરની ખાનગી હોસ્પિટલોમાં પણ સારવાર લેતા દર્દીઓના કેસ હિસ્ટ્રી મેળવી તંત્રએ આ રોગચાળાને લઈ કારણો જાણવાનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ગરમીને કારણે ઝાડા-ઉલ્ટીના કેસોની સંખ્યામાં પણ વધારો થયો હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. હિટવેવને આરોગ્યતંત્રએ જે ગંભીરતાથી લઈ લોકોમાં જન-જાગૃતિ અભિયાન ચલાવવુ જોઈએ તેવુ કોઈ આયોજન નહિ કર્યાની વાતો પણ લોકજીભે ચર્ચાતી સાંભળવા મળી છે.

# ત્રિશુળિયા ઘાટના અકસ્માતના મૃતકો-ઘાયલોને આર્થિક સહાય ચૂકવવા જિગ્નેશ મેવાણીની માંગ

ગાંધીનગર, તા. ૧૧

દાંતા-અંબાજી વચ્ચેના ત્રિશુળિયા ઘાટ ખાતે થયેલા ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુ પામેલા ૯ મુસાફરો અને ઘાયલ થયેલા ૩૧ થી વધુ મુસાફરોને મુખ્યમંત્રી દ્વારા આર્થિક સહાય જાહેર કરવા વડગામના અપક્ષ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણીને આવેદનપત્ર આપવામાં આવ્યુ છે. આ સાથે તેમણે પાલનપુર સિવિલ હોસ્પિટલ અથવા સ્થાનિક પીએચસી-સીએચસી સિવાય ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને સંપૂર્ણ સારવાર ખર્ચ પુરો પાડવા આવેદનપત્રમાં માંગ કરી છે. આજે મુખ્યમંત્રી કાર્યાલયે આવેદનપત્ર આપવા આવેલા જિગ્નેશ મેવાણીને મુખ્યમંત્રી ઉપસ્થિત ના હોવાથી ફરજ પરના અધિકારીને આવેદનપત્ર આપવાની ફરજ પડી હતી.




જિગ્નેશ મેવાણી દ્વારા આપવામાં આવેલા આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું છે કે અકસ્માતમાં ભોગ બનેલા મતકો તથા ઘાયલો આર્થિક રીતે અત્યંત ગરીબ પરિવારના છે અને રોજ કમાઈને રોજ ખાનારા વર્ગના નાગરિકો હોવાથી તેમને આર્થિક સહાય પુરી પાડવામાં આવે. તેમણે દાવો કર્યો છે કે આ ગમખ્વાર અકસ્માતની ઘટનાના ૨૪ કલાકમાં તેમણે આ માંગ કરી હતી તેમજ બનાસકાંઠાના જિલ્લા કલેક્ટર દ્વારા પણ મુખ્યમંત્રી સમક્ષ આર્થિક સહાય ચુકવામાં માંગ કરવામાં આવી છે. આથી તમામ ઘાયલોને હોસ્પિટલમાં ખાટલાથી માંડીને ઓપરેશન સહિતનો ખર્ચ હોસ્પિટલના સંચાલકોને સૂચના આપી માફ કરવામાં આવે તેવા નિર્દેશો મુખ્યમંત્રી દ્વારા આપવા માંગ કરવામાં આવી છે. જિગ્નેશ મેવાણી તેમના સમર્થકો સાથે આવેદનપત્ર આપવા સ્વર્ણિમ સંકુલ ખાતે આવ્યા હતા.

# પેથાપુરના યુવક પાસેથી ૧૦ લાખ લેવાના નીકળતા તેના મિત્ર પર આઠ શખ્સોનો હુમલો

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર શહેરમાં અગાઉ રહેતા અને હાલ પુણે ખાતે નોકરી કરતા મહેસાણાના યુવક પર સેકટર-૨૧માં ૮ શખ્સો દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. યુવકના મિત્ર પાસેથી કેટલાક ઈસમોને રૂ.૧૦ લાખ લેવાના હોવાથી ૮ શખ્સોએ ધોળા દિવસે ઉઠાવી જઈને યુવકને માર માર્યો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

છેલ્લા એક વર્ષથી પુણે ખાતે રહેતો હર્ષ અમરીશકુમાર બારોટ (૩૧ વર્ષ) સામાજીક કામ અર્થે બહેનના ઘરે ગાંધીનગર આવ્યો હતો.અગાઉ ગાંધીનગર રહેતા હર્ષને પેથાપુરના જાવેદ મન્સુરી ઉર્ફે મુન્નાભાઈ મિત્રો હોવાથી ગત તા.૯ જુને સે-૨૧ ખાતે બેઠા હતા. તે સમયે સે-૪ માં વસવાટ કરતા ભરત દેસાઈનો જાવેદ પર ફોન આવ્યો હતો અને રૂ.૧૦ લાખની કડક ઉઘરાણી કરી હતી. જેમાં ભરતે જાવેદને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારબાદ રાત્રે ૧૨ વાગે હર્ષ જાવેદની ગાડી લઈને અમદાવાદ ગયો હતો અને સવારે ગાંધીનગર પરત ફરીને સેકટર-૨૧ ખાતે ઉભો હતો. આ સમયે સફેદ કલરની સ્કોર્પિયો ગાડી નં. જી.જે.૩૧.ડી.-૭૩૦૬ માં પાંચ જેટલા શખ્સો હાથમાં લોખંડની પાઈપ અને બેઝ બોલના ધોકા લઈને આવ્યા હતા. જેમાં ભરત દેસાઈ, તેનો ભાઈ હરી દેસાઈ, બંન્ને રહે.૪ તેમજ મિતેશ દેસાઈ ( ગોકુળપુરા)અને બીજા બે અજાણ્યા શખ્સો સાથે હતા. જો કે ગાડીમાં જાવેદ ન મળતા પૈસાની ઉઘરાણી માટે હર્ષને બળજબરી પૂર્વક ખેંચીને કારમાં બેસાડી માર માર્યો હતો. યુવકને ગાડીમાં ખેંચીને બેસાડ્યો ત્યારે અમરત દેસાઈ નામના શખ્સ સહિત બીજા ચાર પણ બેઠા હતા. તેઓએ હર્ષના ખીસ્સામાંથી રૂ.૧૪ હજાર રોકડા કાઢી લીધા હતા અને કારમાં ૭ કલાક શાહપુર,કોબા, રીંગરોડ, કઠવાડા, રામોલ સહિતના વિસ્તારમાં બપોર સુધી ફેરવીને માર માર્યો હતો અને જાવેદને ફોન કરી રૂપીયા આપી જવા માટે ધમકીઓ આપતા હતા.જયારે આરોપીઓને પોલીસ સુધી વાત પહોંચી હોવાની જાણ થતા યુવકને સે-૨૧ ખાતે ઉતારી દીધો હતો. હર્ષ બારોટની ફરીયાદને પગલે પોલીસે ૮ ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



આકરી ગરમીમાં પાણીની બૂમ સંભળાઈ રહી છે. પાણીનો વપરાશ વધી જતાં શહેરમાં ઘણા સ્થળોએ ઓછા ફોર્સથી પાણી આવે છે સેકટર-૫ સહિતના તમામ નવા સેકટરોમાં પૂરતા ફોર્સથી પાણી ન આવતા ગૃહિણીઓ હેરાન પરેશાન થઈ ચૂકી છે.



સેકટર-૧૭ના એકિઝબિશન સેન્ટર ખાતે iPHEX-2019 કાર્યક્રમ ચાલી રહ્યો છે. પાર્કિંગની પૂરતી સુવિધા ઉપલબ્ધ ન કરાતા ઠેર ઠેર વાહનો પાર્ક થયેલા જોવા મળી રહ્યા છે. પાર્કિંગની સમસ્યાના કારણે વાહનચાલકોને તકલીફ ભોગવવી પડી રહી છે.

# માહિતી ખાતાના વર્ગ-૩ મંડળના પ્રમુખપદે દિનેશ ચૌહાણ અને મહામંત્રી તરીકે કે. સી. કણઝરીયાની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત રાજ્ય માહિતી ખાતા કર્મચારી મંડળની તા. ૦૭-





૦૬-૨૦૧૯ના રોજ મળેલી સામાન્ય સભામાં શ્રી દિનેશ ચૌહાણની પ્રમુખ તરીકે અને શ્રી કે. સી. કણઝરીયાની મહામંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગર ખાતે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષ માટે હોદ્દેદારો તથા કારોબારીની રચના કરવામાં આવી છે. જેમાં ઉપપ્રમુખ તરીકે સર્વશ્રી એન. પી. કક્કડ, શ્રી દેવાંગ મેવાડા, શ્રી અજય શાહ, શ્રી જી. એસ. ઠાકોર અને શ્રી પી. પી. સોરઠીયા અને સહમંત્રી તરીકે પ્રવિણ આર. બારોટ, ખજાનચી તરીકે શ્રી જે. એલ. ચૌધરીની નિમણૂંક કરવામાં આવી છે. સંગઠન મંત્રી તરીકે સર્વ શ્રી પી. એચ. ચૌધરી (વડી કચેરી), શ્રી બી. ટી. હુમર (સૌરાષ્ટ્ર ઝોન), શ્રી એસ. બી. સુખડીયા (મધ્ય ઝોન), શ્રી અક્ષય દેસાઈ (દક્ષિણ ઝોન) અને શ્રી સુરેશ રાવળ (ઉત્તર ઝોન)ની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી છે.

કારોબારી સભ્યોમાં સર્વશ્રી પ્રવિણ પટેલ, શ્રી જગદીશ સત્યદેવ, શ્રી સંજયસિંહ ચાવડા, શ્રી એન. એલ. દલવાડી, શ્રી પરિમલ પટેલ, શ્રી કિરીટ બેન્કર, શ્રી સંજય રાજયગુરૂ, શ્રી સંજય પટેલ (ભરૂચ), શ્રી મહેશ પટેલ (વલસાડ), શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા, શ્રી જયંતિ પ્રજાપતિ, શ્રી આર. એ. ડેલા (રાજકોટ), ડૉ. ઉર્વીબેન રાવલ અને શ્રીમતી ફોરમબેન રાઠોડની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નજીકમાં છે ત્યારે ઠેર ઠેર યોગાભ્યાસ ચાલી રહ્યો છે. સેકટર-૬ના બગીચામાં ભારતીય યોગ સંસ્થા દ્વારા યોગના કલાસીસ ચાલે છે. આ ઉપરાંત સેકટર-૨ અને સેકટર-૩ના બગીચામાં ચાલતા યોગના કલાસીસમાં ભારે ભીડ જોવા મળે છે.

# ગાંધીનગર જિલ્લા મોદી સમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૧

શ્રી ગાંધીનગર જિલ્લા મોદી સમાજની તાજેતરમાં મળેલી કારોબારી બેઠકમાં સર્વ સંમતિ સાથે ૨૦૧૯ના વર્ષ માટે ૧૫ સભ્યોની કારોબારીની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે મહેશભાઈ મોદી, મંત્રી તરીકે ભરતભાઈ નટવરલાલ મોદી, ઉપપ્રમુખ તરીકે ડૉ. વિપુલભાઈ મોદી, સહમંત્રી તરીકે પરેશભાઈ મોદી, કન્વીનર તરીકે અલકેશભાઈ સોમાલાલ મોદી, સહ કન્વીનર તરીકે હિતેશભાઈ મોદી તથા કારોબારી સભ્યો તરીકે અશોકભાઈ મોદી, ભરતભાઈ નારાયણદાસ મોદી, વિનોદભાઈ મોદી, સંદીપભાઈ મોદી, ડેવિડકુમાર મોદી, એન.વી. મોદી, ડૉ. બંકિમભાઈ મોદી, જશુભાઈ સી. મોદી તથા અરવિંદભાઈ નાથાલાલ મોદીની વરણી કરાઈ હતી તેમ સંસ્થાના કન્વીનર અલકેશકુમાર સોમાલાલ મોદી દ્વારા જણાવાયું હતુ.

# ગુજરાત રાજ્ય યુવક બોર્ડ કલોલ નગર દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

ગુજરાત રાજ્ય યુવક બોર્ડ (રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગુજરાત સરકાર દ્વારા કલોલ નગરપાલિકા વિસ્તારના તમામ વોર્ડમાં સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રોના મંડળ બનાવવામાં આવ્યા હતા તેમજ તે મંડળોને ક્રિકેટ અને વોલીબોલની કીટ પણ આપવામાં આવી હતી તેના અનુસંધાને આજે કલોલના આરસોડિયા ખાતે તમામ મંડળોની સંયુક્ત ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. જેમાં વૉર્ડ ૮ ની ટિમ વિજેતા થઈ હતી અને વોર્ડ ૧૧ની ટિમ રનર્સ અપ થઈ હતી. આ બંને ટીમોને ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા તેમજ બેસ્ટ બેટસમેન, બેસ્ટ બોલર, મેન ઓફ ધ મેચ ના પુરસ્કાર આપવામાં આવ્યા હતા ...આ પ્રસંગે રાજ્ય યુવક બોર્ડના જિલ્લા સંયોજક શ્રી ભુલાભાઈ દેસાઈ, જિલ્લા વાલી શ્રી રણજિતસિંહ ઠાકોર, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહ, ગોવિંદભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, મનુભાઈ ચૌધરી, ધર્મેન્દ્રભાઈ પટેલ, જયદીપભાઈ બારોટ, લવ બારોટ, નિલેશ આચાર્ય, જીતેન્દ્ર પટેલ, ભરતભાઈ સોલંકી, ભરત પારસિયા, અશોક આનંદ, પંકજ પરમાર, જગદીશભાઈ પ્રજાપતિ સહિત કલોલ ભાજપના હોદ્દેદારોતેમજ તમામ સ્વામી વિવેકાનંદ મંડળોના ખેલાડીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા કલોલ નગર સંયોજકશ્રી રાજન જાદવ અને વિશાલ મકવાણા એ ભારે જહેમત ઉઠાવી હતી.

# જી.એસ.ટી. અંગેની સમીક્ષા બેઠક યોજાઈ

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, સમગ્ર દેશમાં ગુજરાત આર્થિક-નાણાકીય સક્ષમતા ધરાવતું દેશનું અગ્રીમ હરોળનું રાજ્ય છે. અમદાવાદ ખાતે રાજ્ય વેરા ભવન ખાતે જી.એસ.ટી. અંગેની સમીક્ષા બેઠકમાં વેચાણવેરાના બદલાયેલા વિવિધ સ્વરૂપ, કાયદા અમલીકરણની પદ્ધતિઓ, ઉઘરાણી વગેરે અંગેના કર માળખામાં જે ધરમૂળથી પરિવર્તન છે તેના સુચારું અમલીકરણમાં રાજ્ય હંમેશા દેશમાં અગ્રેસર રહ્યું છે તેનો તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યું કે, રાજ્યમાં વિવિધ સરકારી કચેરીઓ તથા જાહેર નાગરિકતાના ઉપયોગના કેન્દ્રો જેવા કે એસ.ટી. સ્ટેશન, પંચાયત ઘરો વગેરેને તાજેતરમાં અદ્યતન કરી સુંદર, ભવ્ય બનાવવા સાથે લોકોની સરળતા-સુગમતા અને ઉપયોગિતામાં વધારો થાય તેવી રીતે બનાવવામાં આવ્યા છે. નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, બધા જાહેર ઉપયોગિતાના માળખાના વિકાસ તથા જન ઉપયોગીતા યોજનાઓના કાર્યાન્વયન માટે મોટી નાણાકીય જોગવાઈ તથા આર્થિક સધ્ધરતાની જરૂર પડતી હોય છે.

# સાયકલ પર ખેતરથી ઘરે આવતા વૃદ્ધને અજાણ્યા વાહને ટક્કર મારતા મૃત્યુ

ચિલોડા, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા મુખ્ય બજાર પાસેના ઠાકોરવાસમાં રહેતા મંગાજી સોમાજી ઠાકોર (ઉં.વ. ૬૫) જેઓ પશુ દવાખાનામાં કમ્પાઉન્ડર તરીકે સેવા આપી ત્યારબાદ નિવૃત થયા હતા. ત્યારે તેઓ નિયમિતપણે ચિલોડા-દહેગામ રોડ પર આવેલ ખેતરમાં સાયકલ પર ધીમીગતિએ રોડ પર જતા હતા પરંતુ કોઈ અજાણ્યા વાહને ટક્કર મારતાં તેઓને ગંભીર ઈજા પહોંચતા ગાંધીનગર સીવીલ ખાતે લઈ જવાયા હતા ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ ખાતે લઈ જવાયા હતા. ત્યારબાદ સારવાર દરમ્યાન વૃદ્ધનુ મૃત્યુ નિપજ્યુ હતુ.

**રક્તદાન મહાદાન**




## જાહેર ચેતવણી

કાર્યપાલક ઈજનેરશ્રી, સુજલામ સુફ્લામ વિભાગ નં. ૧, ગાંધીનગર તરફથી જણાવ્યા અનુસાર મોજે ઈન્દ્રોડા, તા.જી. ગાંધીનગર પાસે સાબરમતી નદી ઉપર સંતસરોવર (ઈન્દ્રોડા) બેરેજ યોજના બનાવવામાં આવેલ છે. સંત સરોવરના દરવાજા બંધ કરી પાણીનો સંગ્રહ કરવામાં આવનાર છે. તેમજ ચોમાસા ૨૦૧૯ દરમિયાન ઉપરવાસમાંથી સાબરમતી નદીમાં આવરો થનાર વરસાદી / પુરના પાણી સલામતીના કારણોસર આવશ્યકતા અનુસાર બેરેજના નીચવાસમાં પુર નિયંત્રણ સારું પાણી કોઈપણ સમયે છોડવું પડશે. જેથી સમગ્ર સાબરમતી નદીના પટ વિસ્તારમાં રહેતા તમામ પ્રજાજનોએ ચોમાસા દરમિયાન સાવચેતીના પગલારૂપે ઉચાણવાળી જગ્યાએ ખસી જવા વિનંતી કરવામાં આવે છે. વિશેષમાં ચોમાસા દરમિયાન સાબરમતી નદીના પટમાં અવર-જવર કરવી સલામતીની દૃષ્ટિએ યોગ્ય નથી અને તેની સાબરમતી નદીના પટ વિસ્તારનો ઉપયોગ કરવો નહી. તથા ઢોરા ઢાંખરને પણ નદીમાં છુટા મુકવા નહી. જેની સૌ લાગતા વળગતાઓએ ગંભીરતાથી નોંધ લેવી. અન્યથા જાન, માલસામાન, ઘરવખરીના નુકસાન અંગેની સંપૂર્ણ જવાબદારી સૌ સૌની અંગત રહેશે.

માહિતી/૨૯૦/૧૯-૨૦